# BUSINESS મિત્ર

### વીકલી એક્સપાયરી પુર્વે શોર્ટ કવરીંગે નિફ્ટીએ 23400ની સપાટી કુદાવી, બેન્ક નિફ્ટી 53000ને પાર

# શેરબજારમાં તેજીની આગેકૂચ, સેન્સેક્સ 77000ને પાર

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

**અમદાવાદ, તા. 16:** ભારતીય શેરબજારમાં વીકલી એક્સપાયરી પુર્વે સપાટ શરૂઆત થયા બાદ ફરી એકવાર લેવાલી નીકળી હતી, જેની સામે શોર્ટ કવરીંગના પગલે શેરબજારમાં તેજીનો દોર આગળ વધ્યો હતો. જેમાં સેન્સેક્સે 77000 પોઈન્ટ અને બેન્ક નિફ્ટીએ 53000 પોઈન્ટની સપાટી કુદાવી દીધી હતી. જ્યારે નિફ્ટી 23400ને પાર નીકળી ગઈ હતી.

ગઈકાલે ભારતીય હવામાન વિભાગે આ વર્ષે ચોમાસામાં સામાન્ય વરસાદ પડવાની આગાહી કરી છે, તેમજ કેટલાક વિસ્તારોમાં સામાન્યથી વધુ વરસાદ પડશે તેવી આગાહીના પગલે સારા કૃષિ ઉત્પાદન થવાના આશાવાદ પાછળ શેરબજારને બુસ્ટ મળ્યું હતું.

આ ઉપરાંત, જથ્થાબંધ અને રિટેલ ફુગાવો પણ નીચે સરકતો જોવા મળ્યો હતો, જેથી ફુગાવો નિયંત્રણમાં છે, જેની પણ બજારની તેજીને રફતારને બળ મળ્યું હતું. આમ, ઘરેલું સારા સંકેતો બજારને વધુ સુધરવા માટે મદદરૂપ બની રહ્યું છે. જોકે, વૈશ્વિક સ્તરે હજુય અનિશ્ચિતતાનો માહોલ છે, જે બજારને એકધારી તેજીને રોકવાના પ્રયાસો કરી રહ્યા છે.

બીએસઈ સેન્સેક્સ 309.40 પોઈન્ટ એટલે કે 0.40 ટકા સુધરીને 77000 પોઈન્ટની સપાટી કુદાવીને 77044.29 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઈન્ટ્રાડેમાં સેન્સેક્સ 77110 પોઈન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે નીચામાં 76543 પોઈન્ટ સુધી ઘટયો હતો. નિફ્ટીએ 23400 પોઈન્ટની સપાટી કુદાવી દીધી હતી. આજે નિફ્ટી 108.65 પોઈન્ટ એટલે કે 0.47 ટકા વધીને 23437.20 પોઈન્ટના સ્તરે બંધ રહી હતી. આજે ઈન્ટ્રાડેમાં નિફ્ટી 23452 પોઈન્ટ સુધી ઉછળી હતી, જ્યારે નીચામાં 23273 પોઈન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટીએ 53000 પોઈન્ટની સપાટી વટાવી દીધી હતી. પ્રાઈવેટ બેન્કોની તેજીની પાછળ બેન્ક નિફ્ટી 738.25 પોઈન્ટ એટલે કે 1.41 ટકા ઉછળીને 53117.75 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા.

બીએસઈ ખાતે ગો ડિજીટ જનરલ ઈન્સ્યોરેન્સમાં 53.54 ગણા, જેબીએમ ઓટોમાં 16.57 ગણા, આઈસીઆઈસીઆઈ પ્રુડન્શીયલમાં 6.3 ગણા, મહનાગર ગેસમાં 4.48 ગણા અને ગ્લેનમાર્ક ફાર્મામાં 4.45 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઈ ખાતે જેબીએમ ઓટોમાં 47.05 ગમા, જીએમડીસીમાં 15.44 ગણા, ઈરેડામાં 7.53 ગણા, ઓલેક્ટ્રા ગ્રીનટેકમાં 7.35 ગણા અને એનટીપીસી ગ્રીનમાં 6.78 ગણા કામકાજ નોંધાયા છે.

ફ્રન્ટલાઈન શેરોની સાથે બ્રોડર માર્કેટમાં પણ સુંદર પ્રદર્શન જોવાયું હતું. બીએસઈ મિડકેપ ઈન્ડેક્સ 0.62 ટકા અને સ્મોલકેપ ઈન્ડેક્સ 0.91 ટકા વધ્યો હતો. જેના લીધે માર્કેટ બ્રેડથ મજબૂત જોવા મળ્યું હતું. બીએસઈ ખાતે 2640 શેરો વધ્યા હતા, જ્યારે 1306 શેરો ઘટયા હતા અને 132 શેરો યથાવત રહ્યા હતા.

આજે પ્રાઈવેટ બેન્કોની સાથે સાથે પીએસયુ બેન્કો પણ ઉછળ્યા હતા, જેના લીધે નિફ્ટી પીએસયુ બેન્ક ઈન્ડેક્સ 2.37 ટકા વધ્યો હતો. જેમાં ઈન્ડિયન બેન્ક, યુનિયન બેન્ક, બેન્ક ઓફ ઈન્ડિયા, બેન્ક ઓફ મહારાષ્ટ્ર, ઈન્ડિયન ઓવરસીઝ બેન્ક, બેન્ક ઓફ બરોડા, યુકો બેન્ક, સેન્ટ્રલ બેન્ક, પીએનબી અને કેનેરા બેન્ક વધ્યા હતા.

વૈશ્વિક સ્તરે ડાઉ ફ્યુચર 78 પોઈન્ટ ઘટાડા સાથે ચાલી રહ્યા છે, જેથી આજે અમેરિકન બજારો નજીવા ઘટાડા સાથે ખુલવાના સંકેત આપી રહ્યા છે. જ્યારે યુએસ ટેરિફની દિશાની અનિશ્ચિતતા ચાલુ રહેતા સેન્ટિમેન્ટ હજુય નબળા રહ્યા છે, જેનાથી યુરોપિયન બજારો લાલ નિશાનમાં ચાલી રહ્યા છે. યુરો સ્ટેટના આંકડા અનુસાર, યુરોઝોનનો ફુગાવો માર્ચ 2025માં ઘટીને 2.2 ટકા થયો છે, જે અગાઉ ફેબ્રુઆરીમાં 2.3 ટકાનો હતો. જ્યારે યુકેનો ફુગાવો 2.6 ટકા રહ્યો છે. ગઈકાલે અમેરિકન બજારો લાલ નિશાનમાં રહેતા આજે મોટા ભાગના એશિયન બજારો પણ ઘટાડા સાથે બંધ રહ્યા હતા. જોકે, મોટા ભાગના એશિયન અને યુરોપિયન બજારોમાં હજુય ટેરિફની અનિશ્ચિતતાનો ભાર જોવા મળી રહ્યો છે. યુરોપિયન બજારોમાં એફટીએસઈ 0.17 ટકા, કેક 0.36 ટકા અને ડેક્સ 0.25 ટકા સુધારા સાથે ચાલી રહ્યા છે. એશિયન બજારોમાં નીક્કી 1.02 ટકા, હેંગસેંગ 1.94 ટકા, તાઈવાન 2.00 ટકા, કોસ્પી 1.22 ટકા, જકાર્તા 0.65 ટકા ઘટાડા સાથે બંધ રહ્યા હતા. જ્યારે શાંઘાઈ 0.25 ટકા, સ્ટ્રેઈટસ 1.03 ટકા સુધારા સાથે બંધ રહ્યા હતા.

## રૂપિયામાં 9 પૈસાનો સુધારો

કરન્સી બજારમાં ડોલરની સામે રૂપિયો વધુ સુધર્યો હતો. આજે ડોલરની સામે રૂપિયો 9 પૈસા સુધરીને 85.68ના સ્તરે બંધ રહ્યા હતા. જ્યારે ગત સેશનમાં ડોલરની સામે રૂપિયો 85.77ના સ્તરે બંધ રહ્યો હતો. અન્ય કરન્સીઓમાં યુરો 97.36, પાઉન્ડ 114.24, કેનેડિયન ડોલર 61.64, ઓસ્ટ્રેલિયન ડોલર 54.83, જાપાનીઝ યેન 0.6004 અને સીંગાપોર ડોલર 65.40ના સ્તરે બંધ રહ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, પાઉન્ડ 114ની સપાટી કુદાવી હતી.

| ફોરેક્સ બજાર | |
|---|---|
| ડોલર | 85.64 રૂ. |
| પાઉન્ડ | 113.66 રૂ. |
| યુરો | 97.36 રૂ. |
| યેન | 60.18 રૂ. |

| | | |
|---|---|---|
| સેન્સેક્સ | 309.40 | 77044.29 |
| નિફ્ટી | 108.65 | 23437.20 |
| બેન્ક નિફ્ટી | 738.25 | 53117.75 |

**નિફ્ટી**

ટોપ ગેઇનર્સ

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ઇન્ડસઇન્ડ બેન્ક | 7.11 | 788.25 |
| એક્સીસ બેન્ક | 4.36 | 1161.30 |
| ઓએનજીસી | 3.67 | 241.22 |
| ટ્રેન્ટ | 3.25 | 5035.50 |
| એશિયન પેઇન્ટસ | 1.83 | 2459.90 |

ટોપ લુઝર્સ

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| મારૂતિ સુઝુકી | 1.61 | 11664.00 |
| હિન્ડાલ્કો | 1.25 | 609.90 |
| ટાટા મોટર્સ | 0.99 | 616.05 |
| બજાજ ફાઇનાન્સ | 0.92 | 9056.50 |
| લાર્સન-ટુબ્રો | 0.92 | 3227.70 |

**સેન્સેક્સ**

ટોપ ગેઇનર્સ

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ઇન્ડસઇન્ડ બેન્ક | 7.12 | 788.25 |
| એક્સીસ બેન્ક | 4.26 | 1161.55 |
| અદાણી પોર્ટસ | 1.81 | 1232.75 |
| એશિયન પેઇન્ટસ | 1.75 | 2459.35 |
| ભારતી એરટેલ | 1.35 | 1823.00 |

ટોપ લુઝર્સ

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| મારૂતિ સુઝુકી | 1.51 | 11673.70 |
| ઇન્ફોસીસ | 1.00 | 1413.00 |
| ટાટા મોટર્સ | 0.92 | 616.10 |
| લાર્સન-ટુબ્રો | 0.90 | 3228.15 |
| એનટીપીસી | 0.88 | 359.30 |

# નિફ્ટીએ 23400ની સપાટી વટાવી દીધા બાદ, હવે 23800 પોઇન્ટની સપાટીને વટાવશે

**વૈશ્વિક** સંકેતો નબળા, ઘરેલું મજબૂત, પણ કંપનીના પરિણામો નબળા આવે તો નફાવસુલીની સંભાવના

મુંબઈ, તા. 16: ભારતીય શેરબજારમાં આજે સતત ત્રીજા દિવસે સુધારા સાથે બંધ રહ્યા હતા. સેન્સેક્સ અને નિફ્ટી ટ્રેડિંગ સેશન દરમ્યાન પ્રથમ છ માસિક ગાળામાં સાંકડી રેન્જમાં રહ્યા બાદ સકારાત્મક વલણ સાથે બંધ રહ્યા હતા. મીડિયાના એવા અહેવાલો આવી રહ્યા છે કે ચીન અમેરિકા સાથે વેપાર વાટાઘાટો માટે તૈયાર છે. આ સમાચારના આધાર પર નિફ્ટી અને સેન્સેક્સમાં સતત ત્રીજા સત્રમાં વધારો જોવા મળ્યો છે અને નિફ્ટીએ 23400 અને સેન્સેક્સ 77000 પોઈન્ટની ઉપર બંધ રહેવામાં સફળ થયો હતો. સેશનના અંતે સેન્સેક્સ 309.40 પોઈન્ટ એટલે કે 0.40 ટકા વધારા સાથે 77044.29 પર અને નિફ્ટી 108.65 પોઈન્ટ એટલે કે 0.47 ટકા 23437.20 પોઈન્ટના સ્તરે બંધ રહ્યો હતો. મિડકેપ અને સ્મોલકેપ ઈન્ડેક્સ પણ વધ્યો છે.

આ સંદર્ભમાં ટેકનીકલ નિષ્ણાતોનું માનવું છે કે, ટેકનીકલી શાંત શરૂઆત બાદ બજારને 23275અને 76550 પોઈન્ટની આસપાસ સપોર્ટ મળ્યો અને ત્યાંથી તે બાઉન્સ બેક થયો. દૈનિક ચાર્ટ પર, તેણે બુલિશ કેન્ડલની રચના કરી છે. ઈન્ટ્રાડે ચાર્ટ પર, આ અપટ્રેન્ડ સાતત્યની રચનાને જાળવી રાખે છે, જે મોટા ભાગે હકારાત્મક છે. ટ્રેન્ડ ફોલોઈંગ ટ્રેડર્સ માટે 23275 અને 76550 મુખ્ય સપોર્ટ ઝોન છે. આ સપાટીની ઉપર જતા બજારમાં 23500 અને 77300 સુધીનો ઉછાળો જોવા મળી શકે છે. અપટ્રેન્ડ આગળ પણ ચાલુ રહી શકે છે અને માર્કેટ 23575થી 77500 પોઈન્ટ સુધી જઈ શકે છે. બીજી તરફ, બજાર 23275થી 76550ની નીચે આવે તો સેન્ટિમેન્ટ બદલાઈ શકે છે. આ સપાટીની નીચે આવતા બજાર 23200થી 23150 અને 76500થી 76200ની રેન્જ સુધી સરકી શકે છે.

અન્ય એક નિષ્ણાતનું કહેવું છે કે, ડેઈલી ચાર્ટ પર લોઅર શેડો સાથે સારી બુલિશ કેન્ડલ બની છે. બેન્કે આજે 23360ના સ્તરની આસપાસ સ્થિત 200 દિવસના ઈએમએના રેઝિસ્ટન્સને પણ પાર કરી દીધું હતું. 11 અને 15 એપ્રિલના મોટા પ્રારંભિક અપસાઈડ ગેપ્સ હજુ પણ ભરાયા નથી અને આ ગાબડા હવે બુલિશ રનવે ગેપ્સ તરીકે ગણી શકાય, જે સામાન્ય રીતે ટ્રેન્ડની વચ્ચે રચાય છે. નિફ્ટીનું ઓવરઓલ વલણ પોઝિટિવ રહે છે. જોકે, હજુય છેલ્લા ત્રણ દિવસથી ગેપ અપ ઓપનીંગના કારણે અપસાઈડના ગેપ્સ ભરાયા નથી, જે એક સપાટી વટાવી દીધી હોવાથી તે બુલીશ રનવે ગેપ્સ તરીકે ગણી શકાય. પરંતુ જ્યારે ઘટાડો આવશે તો આ ગેપ ફીલીંગ થયા બાદ જ નવી તેજી આવી શકે છે.

હજુય વૈશ્વિક સ્તરે ટેરિફનો તણાવ ચાલુ જ છે. અમેરિકાએ ચીનની વસ્તુઓ ઉપર ટેરિફ વધારીને 245 ટકા કરી દીધો છે. વૈશ્વિક નબળાઈ વચ્ચે અમેરિકા અને ચીન વચ્ચેના ટ્રેડ વોરથી ભારતને નુકશાન નહીં થાય પણ થોડોક સુધારો થશે તેવી આશાએ ભારતીય બજારમાં હલકું પોઝિટિવ સેન્ટિમેન્ટ જોવા મળ્યું છે. પરિણામની મોસમ ચાલી રહી હોવાથી જો નબળા પરિણામો આવશે તો ઉપલા સ્તરેથી બજારમાં નફાવસુલી જોવા મળી શકે.

# વિપ્રોનો ચોખ્ખો નફો 26 ટકા વધ્યો

મુંબઈ, તા. 16: આઈટી કંપની વિપ્રોએ જાન્યુઆરીથી માર્ચ 2026 કવાર્ટરના નાણાકીય પરિણામો જાહેર કર્યા છે. જેમાં આવક સપાટ રહ્યો છે, જ્યારે ચોખ્ખો નફો 26 ટકા વધ્યો છે. આ ત્રિમાસિક ગાળામાં આવક 1.33 ટકા વધીને રૂ. 22504.20 કરોડ થઈ હતી, જે એક વર્ષ પહેલા રૂ. 22208.30 કરોડ રૂપિયા હતી. જ્યારે ચોખ્ખો નફો વાર્ષિક ધોરણે 25.5 ટકા વધીને રૂ. 3588.10 કરોડ થયો છે, જે માર્ચ 2024ના ત્રિમાસિક ગાળામાં રૂ. 2858.20 કરોડ હતી.

કંપનીના ઈક્વિટી ધારકોને નફો રૂ. 2569.60 કરોડ થયો છે, જે અગાઉના વર્ષના સમયગાળામાં રૂ. 2834.6 કરોડ હતો જે 25.9 ટકા વધુ છે. વિપ્રોના ખર્ચમાં માર્ચ કવાર્ટર 2025 કવાર્ટર દરમ્યાન વધીને રૂ. 18978.60 કરોડ થઈ ગયો છે, જે એક વર્ષ પહેલા રૂ. 18978.80 કરોડ હતો.

કંપનીએ જણાવ્યું હતું કે, કંપનીએ શેરદીઠ રૂ. 6નું વચગાળાના ડિવિડન્ડને નાણાકીય વર્ષ 2024-25 માટે અંતિમ ડિવિડન્ડ તરીકે ગણવામાં આવશે. આ ડિવિડન્ડ તરીકે ગણવામાં આવશે. આ ડિવિડન્ડ તરીકે ગણવામાં આવશે. આ ડિવિડન્ડની રેકોર્ડ ડેટ 26 જાન્યુઆરી 2025 હતી. વિપ્રોના આઈટી સર્વસીસ બિઝનેસની આવક ચાલુ નાણાકીય વર્ષના પ્રથમ ત્રિમાસિક ગાળામાં 2505 મિલિયન ડોલરથી 2557 મિલિયન ડોલરની વચ્ચે રહેવાનો અંદાજ છે.

16 એપ્રિલે વિપ્રોનો શેર બીએસઈ પર એક ટકાથી વધુના વધારા સાથે રૂ. 247.50 પર બંધ થયો હતો. કંપનીની માર્કેટ કેપ રૂ. 2.59 લાખ કરોડ છે. 2025માં અત્યાર સુધીમાં આ શેરમાં 17 ટકાનો ઘટાડો નોંધાયો છે. 3 મહિનામાં ભાવ 14 ટકા ઘટયો છે. માત્ર એક જ સપ્તાહમાં ભાવમાં 4 ટકાનો વધારો થયો છે. માર્ચ, 2025ના અંતે કંપનીમાં પ્રમોટરો 72.73 ટકા હિસ્સો ધરાવતા હતા.

**યાર્ન બજાર સુરત** (GST સાથેના ભાવ) — નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

| | | | | | |
|---|---|---|---|---|---|
| **પ્રફુલ/સાલાસર/કેપલોન** | **રૂા.** | ૭૫/૩૬ '' | ૧૨૧ | ----- | --- |
| ૩૦/૨૪ બ્રાઇટ | ૨૮૪ | ૫૦/૩૬ '' | ૧૨૯ | ૮૦/૭૨ બ્લેક રોટો | ૧૨૯ |
| ૩૦/૩૬ એફડી | ૨૯૫ | ૫૦/૪૮ SD/ક્રેપ | ૧૭૧ | **ગાર્ડન** | |
| **લોકલ** | | **RIL રિલાયન્સ** | | ૪૯/૨૪ એફડીવાય | ૧૭૩.૫ |
| ૬૨/૩૬ ક્રિમ્પ | ૧૨૯ | ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૨૪ | ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૩૦.૫ |
| ૬૮/૩૬ | ૧૨૭ | ૧૧૪.૧૩ રોટો | --- | ૬૨ ક્રિમ્પ | ૧૨૭.૫ |
| ૭૨/૩૬ ક્રિમ્પ | ૧૨૭ | ૧૦૦ ટેક્ષ | ૧૨૩ | ૬૮ ક્રિમ્પ | ૧૨૭.૫ |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૨૧ | **વેલનોન** (જીએસટી સાથે) | | ૭૨ ક્રિમ્પ | ૧૨૪.૫ |
| ૮૪/૪૮ ક્રિમ્પ | ૧૨૧ | ૮૦/૭૨ રોટો | ૧૨૮ | ૭૫ ક્રિમ્પ | ૧૨૩.૫ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૭૧ | ૮૦/૭૨ ફોલ્ડર | ૧૩૬ | ૮૦ ક્રિમ્પ | ૧૨૮ |
| ૮૦/૭૨ રોટો. | ૧૨૭ | ૧૬૦ ડીસ્કેટ | ૧૩૬ | ૮૦/૭૨ રોટો | ૧૨૭ |
| ૮૦/૩૬ રોટો. | ૧૨૬ | --- | --- | ૩૦/૨૪ બ્રાઇટ | --- |
| ૧૫૦/૪૮બ્રાઇટ | ૧૧૯ | ૮૦/૧૦૮ '' | ૧૨૯ | ૩૦/૩૬ એફડી | --- |

**તેલ બજાર સુરત** (૧૫ કિલોના ભાવ)

| | | | |
|---|---|---|---|
| સીંગતેલ (૧૫ કિ.) | ૨૫૫૦ | કોપરેલ | ૫૧૦૦ |
| સીંગતેલ (૧૫ લિ.) | ૨૩૫૦ | વનસ્પતિ ઘી | ૨૫૫૦ |
| સીંગતેલ (૫ લી) | ૮૪૦ | સનફ્લાવર | ૨૨૮૦ |
| કપાસીયા (૧૫ કિ.) | ૨૪૫૦ | તલતેલ | ૫૪૦૦ |
| કપાસીયા (૧૫ લિ.) | ૨૨૫૦ | દિવેલ | ૨૩૮૦ |
| કપાસીયા (૫ લિ.) | ૮૨૦ | મકાઇ તેલ | ૨૪૫૦ |
| સરસીયું તેલ | ૨૬૯૦ | | |

**સોના-ચાંદી સુરત** (ટેક્ષ સહિત)

| | |
|---|---|
| સટાન્ડર્ડ સોનું | ૯૮૧૦૦ |
| તેજાબી સોનું | ૯૮૦૧૦ |
| દાગીના-૨૨ કેરેટ | ૯૩૧૯૦ |
| દાગીના-બીએસઆઇ હોલમાર્ક | ૯૬૧૪૦ |
| સોનાનાં બિસ્કીટ | ૯૮૧૦૦૦ |
| ચાંદી (૯૯૯) | ૯૯૩૦૦ |
| ચાંદી સિક્કા | ૧૦૦૮૦૦ |

**જથ્થાબંધ ખાંડબજાર** (પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.))

| | |
|---|---|
| **મહારાષ્ટ્ર** | |
| એમ-30 (ભરવાલાયક) | ૪૪૦૦ |
| એમ-30 | ૪૪૦૦ |
| એસ-30 | ૪૩૦૦ |
| **ગુજરાત** | |
| એમ-30 | ૪૩૦૦ |
| એસ-30 | ૪૨૫૦ |

# વક્ફના કાયદા બાબતમાં જાણી જોઈને ખોટો પ્રચાર કરવામાં આવી રહ્યો છે




ટ્યુન પોઇન્ટ — સમકિત શાહ

દેશમાં નવો વક્ફ સુધારા કાયદો અમલમાં આવતાંની સાથે જ પશ્ચિમ બંગાળમાં વક્ફવિરોધી તોફાનો ચાલુ થઈ ગયાં છે. આ કાયદા બાબતમાં સરકાર અને વિપક્ષ આમનેસામને આવી ગયા છે. વિપક્ષે આ કાયદાને ગેરબંધારણીય અને મુસ્લિમોની સંપત્તિ હડપ કરવાનો પ્રયાસ ગણાવ્યો છે. સરકાર કહે છે કે નવો કાયદો વક્ફ બોર્ડમાં સુધારા અને પારદર્શિતા સુનિશ્ચિત કરશે, પરંતુ વિપક્ષે સરકારના આ દાવાને સંપૂર્ણપણે નકારી કાઢ્યો છે. ભારતમાં ઘણી બધી મિલકતો વક્ફની છે, જેમાં મસ્જિદો, ઇદગાહ, કબ્રસ્તાન, હોસ્પિટલો, શાળાઓ અને યુનિવર્સિટીઓ છે. દરેક રાજ્યમાં એક વક્ફ બોર્ડ છે, જે વક્ફ મિલકતનું સંચાલન કરે છે. કેન્દ્રમાં લઘુમતી બાબતોના મંત્રાલય હેઠળ એક વક્ફ કાઉન્સિલ પણ છે. વર્ષ ૧૯૯૫માં, વક્ફ મિલકત અને વ્યવસ્થાપન સંબંધિત ઘણી નવી જોગવાઈઓ વક્ફ કાયદામાં સામેલ કરવામાં આવી હતી. પછી વર્ષ ૨૦૧૩ માં તેમાં સુધારો કરવામાં આવ્યો હતો. હવે ૨૦૨૫માં કેન્દ્ર સરકારે તેમાં મોટા ફેરફારો કર્યા છે, એટલું જ નહીં પરંતુ આ કાયદાનું નામ પણ બદલી નાખ્યું છે. સરકાર કહેતી આવી છે કે વક્ફ એક્ટ ૧૯૯૫ અને ૨૦૧૩ ના સુધારામાં કેટલીક ખામીઓ હતી. આ કારણોસર વક્ફની જમીન પર ગેરકાયદેસર રીતે કબજો થઈ રહ્યો હતો. આ ખામીઓ નવા કાયદામાં દૂર કરવામાં આવી છે.

વક્ફ મિલકત વિશે મિડિયામાં ઘણા દાવા કરવામાં આવી રહ્યા હતા, જેમ કે વક્ફ પાસે રેલવે અને સેના કરતાં પણ વધુ જમીન છે. આવા દાવાઓની સચ્ચાઈ તપાસવી જરૂરી છે. સરકારી માહિતી અનુસાર વક્ફના કેન્દ્રીય બોર્ડ પાસે આશરે ૯.૪ લાખ એકર જમીન છે. જો આપણે તેની સરખામણી સંરક્ષણ મંત્રાલય અને રેલવે સાથે કરીએ, તો વક્ફ જમીનની દૃષ્ટિએ તે ભારતમાં પહેલા નહીં પણ ત્રીજા સ્થાને છે. સંરક્ષણ મંત્રાલય પાસે ૧૭.૯૫ લાખ એકર જમીન છે, જ્યારે રેલવે પાસે લગભગ ૧૨ લાખ એકર જમીન છે. વક્ફની ૮,૭૨,૮૦૫ સ્થાવર મિલકતો અને ૧૬,૭૧૬ જંગમ મિલકતો ઓળખવામાં આવી હતી. આમાંથી ૯૭ ટકા મિલકતો ફક્ત ૧૫ રાજ્યોમાં છે. તેમાંની ૫૮,૮૯૦ જમીન પર અતિક્રમણ થયેલ છે, જ્યારે ૪,૩૬,૧૭૯ જમીન વિશે કોઈ માહિતી ઉપલબ્ધ નથી. ૧૩,૦૦૦ થી વધુ મિલકતો પર મુકદ્દમા ચાલી રહ્યા છે.

કેન્દ્ર સરકારે કયા રાજ્યમાં વક્ફ પાસે કેટલી મિલકત છે તેની સંપૂર્ણ યાદી આપી છે. આ મુજબ વક્ફ પાસે તમામ રાજ્યોમાં કુલ ૩૮ લાખ એકર જમીન છે. વક્ફ જમીનના મુદ્દા પર ગૃહમંત્રી અમિત શાહે કહ્યું હતું કે ૧૯૧૩ થી ૨૦૧૩ સુધી વક્ફ બોર્ડની કુલ જમીન ૧૮ લાખ એકર હતી, જે ૨૦૧૩ થી ૨૦૨૫ દરમિયાન ૨૧ લાખ એકર વધી છે. ઓડિશા રાજ્યની વાત કરીએ તો, અહીં વક્ફ બોર્ડ પાસે ૨૮,૭૧૪ એકર જમીન છે, જ્યારે ઓડિશાના ૨૪ જિલ્લાઓમાં ભગવાન જગન્નાથના નામે ૬૦,૪૨૬ એકર જમીન છે. આમાંથી ૯૭૪ મિલકતો ગેરકાયદેસર રીતે કબજે કરવામાં આવી છે. આ માહિતી વર્ષ ૨૦૨૩ માં ઓડિશા વિધાનસભામાં તત્કાલીન કાયદા મંત્રી જગન્નાથ સરકારે પોતે આપી હતી. આ ઉપરાંત ઓડિશામાં ઘણાં મંદિરોની જમીન છે. તમિલનાડુમાં વક્ફ પાસે ૬ લાખ ૫૫ હજાર એકર જમીન છે, જ્યારે રાજ્યમાં ૫ લાખ ૨૫ હજાર એકર જમીન મંદિરોની છે. આ પૈકી ૪૭ હજાર એકર જમીનના રેકોર્ડ ગાયબ થઈ ગયા છે.

આંધ્રપ્રદેશ વક્ફ પાસે ૭૮,૨૨૯ એકર જમીન છે. તેની સરખામણીમાં આંધ્રપ્રદેશનાં મંદિરો પાસે ૪ લાખ ૬ હજાર એકર જમીન છે. તેમાંથી ૮૭ હજાર એકર જમીન ગેરકાયદેસર કબજા હેઠળ છે. આનો અર્થ એ થયો કે મંદિરો, ગુરુદ્વારા, ચર્ચ અને વક્ફ પાસે નોંધપાત્ર પ્રમાણમાં જમીન છે અને આ જમીનો પર ગેરકાયદેસર કબજો પણ છે. આ જમીનોના કબજા સંબંધિત વિવાદો કોર્ટમાં આવી રહ્યા છે. ૨૦૨૩માં અલ્હાબાદ હાઇકોર્ટમાં આવેલા એક કેસ અનુસાર ૧૯૭૦માં ઉત્તર પ્રદેશના મહેસૂલ વિભાગે મથુરામાં જમીનના ટુકડાને ગ્રામસભાની જમીન તરીકે જાહેર કર્યો હતો. પછી ૧૯૯૧ માં તેને તળાવ જાહેર કરવામાં આવ્યું. કોર્ટે મહેસૂલ વિભાગના આ નિર્ણયોને ફગાવી દીધા કારણ કે આ જમીન મથુરાના બિહારીજી મંદિરની હતી. આ એકમાત્ર કેસ નથી જ્યાં મંદિરની જમીન અને સરકાર વચ્ચે વિવાદ છે. મંદિર, ચર્ચ, મસ્જિદ કે ગુરુદ્વારાની જમીન પર પણ વિવાદો થયા છે. લોકો કહે છે કે સરકારે આ અતિક્રમણ પર પણ ધ્યાન આપવું જોઈએ.

એવું પણ કહેવામાં આવ્યું છે કે ફક્ત ધર્મનિષ્ઠ મુસ્લિમો જ તેમની મિલકત વક્ફને દાન કરી શકે છે. પ્રશ્ન એ છે કે જો વક્ફ ધાર્મિક નથી પણ માત્ર એક સામાજિક સેવા છે, તો પછી આ શરત શા માટે લાદવામાં આવી? આ શરતો લાદવાનો હેતુ બિનમુસ્લિમોને મુસ્લિમ સંસ્થામાં દાન કરતા રોકવાનો છે. શું આવો કાયદો જૈન, બૌદ્ધ, પારસી કે શીખ સંસ્થાઓ માટે ઘડવામાં આવ્યો છે? નવા વક્ફ કાયદામાં જણાવાયું છે કે વક્ફ બોર્ડમાં બે બિનમુસ્લિમ સભ્યો હોવા જોઈએ. જો તે ધર્મ સાથે સંબંધિત છે તો પછી તેમાં બિનમુસ્લિમોને સામેલ કરવાનું ફરજિયાત કેમ બનાવવામાં આવ્યું? જ્યારે શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટના ૧૫ સભ્યો માટે હિંદુ ધર્મમાં માનનારા હોવું ફરજિયાત બનાવવામાં આવ્યું છે. જો રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટમાં બિનહિંદુ સભ્ય ન બની શકે તો વક્ફમાં બિનમુસ્લિમોને સભ્ય બનાવવાની કલમ સમાનતાના સિદ્ધાંતનો ભંગ કરે છે.

કેન્દ્ર સરકારની દલીલ એવી હતી કે વક્ફ ટ્રિબ્યુનલના નિર્ણયને હાઇકોર્ટમાં પડકારી શકાય નહીં. એટલા માટે તેણે તે કાયદો બદલ્યો છે. ભાજપના ઘણા મોટા નેતાઓ આ વાતનું પુનરાવર્તન કરતા જોવા મળ્યા હતા. હકીકતમાં ૧૯૯૫ના વક્ફ કાયદામાં શું લખ્યું છે? ૧૯૯૫ના કાયદામાં લખેલું છે કે ટ્રિબ્યુનલ સિવિલ કોર્ટની જેમ કાર્ય કરશે અને તેનો નિર્ણય અંતિમ રહેશે, જેને બંને પક્ષોએ સ્વીકારવાનો રહેશે, પરંતુ તેમાં એવું પણ લખ્યું છે કે હાઇકોર્ટ પોતાની રીતે અથવા બોર્ડ અથવા કોઈ પણ પક્ષ પર અરજીની સુનાવણી કરી શકે છે અને ટ્રિબ્યુનલના નિર્ણયને બદલી શકે છે. ૨૦૧૩ ના સુધારામાં આ કલમમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યા ન હતા. ટ્રિબ્યુનલ પછી, હાઇકોર્ટ છે અને કોઈ પણ નાગરિક આ અંગે હાઇકોર્ટમાં પણ જઈ શકે છે. વક્ફે મેરિયટ હોટેલ પર અધિકારોનો દાવો કર્યો હતો, જેને હાઇકોર્ટે ફગાવી દીધો હતો. આનો અર્થ એ થયો કે હાઇકોર્ટમાં જવાનો વિકલ્પ પહેલાં પણ હતો અને હજુ પણ હાઇકોર્ટમાં જઈ શકાય છે. તેલંગાણા ચેરિટેબલ અને હિન્દુ ધાર્મિક સંસ્થાઓ અધિનિયમ એ પણ જણાવે છે કે ટ્રિબ્યુનલના નિર્ણયને અંતિમ નિર્ણય માનવામાં આવે છે. અન્ય રાજ્યોમાં પણ ટ્રિબ્યુનલનો નિર્ણય અંતિમ જાહેર કરવામાં આવ્યો છે, પરંતુ જો તેઓ હાઇકોર્ટમાં જઈ શકતા ન હતા, તો પછી આ ચુકાદો કેવી રીતે આવ્યો?

અગાઉના વક્ફ કાયદાની કલમ ૪૦ માં બોર્ડ પાસે કોઈ પણ મિલકતને વક્ફ મિલકત તરીકે જાહેર કરવાની સત્તા હતી. વિશ્લેષકો માને છે કે આ કલમનો ક્યાંક દુરુપયોગ થયો છે અને નવા કાયદામાં આ કલમ દૂર કરવામાં આવી છે. પરંતુ નવા કાયદામાં પણ એક સમસ્યા છે. જૂના કાયદામાં મિલકતના સર્વેક્ષણની જવાબદારી સર્વે કમિશનરની હતી, પરંતુ નવા કાયદામાં આ જવાબદારી જિલ્લાના જિલ્લા મેજિસ્ટ્રેટને આપવામાં આવી છે. એટલે કે હવે ડીએમ કહેશે કે મિલકત વક્ફ છે કે નહીં. પરંતુ શું ડીએમ પાસે સર્વે કરવાની કુશળતા છે? જે કિસ્સાઓમાં વિવાદ વક્ફ અને સરકાર વચ્ચે હોય ત્યાં શું થશે? આવા કિસ્સામાં સરકારી અધિકારી સરકાર વિરુદ્ધ જઈને નિર્ણય કેવી રીતે આપી શકશે? સરકારે નવા કાયદામાં જોગવાઈ કરી છે કે જો કોઈ સરકારી મિલકત વક્ફ હોય, તો કલેક્ટર તેની માલિકી અંગેના વિવાદનો ઉકેલ લાવશે અને રાજ્ય સરકારને પોતાનો અહેવાલ આપશે. તો શું એ શક્ય છે કે કલેક્ટર સરકાર વિરુદ્ધ નિર્ણય લઈ શકશે? તેથી, આ જોગવાઈઓમાં હજુ પણ સુધારાની જરૂર છે. સારી વાત એ છે કે ટ્રિબ્યુનલને હવે છ મહિનાની અંદર પોતાનો નિર્ણય આપવો પડશે. બીજો સુધારો એ છે કે જો વક્ફ મિલકતના સંચાલન માટે નિયુક્ત કરાયેલ મુતવલ્લી કોઈ પણ કારણ વગર એક વર્ષ સુધી મિલકતના હિસાબ યોગ્ય રીતે નહીં રાખે, તો તેને દૂર કરવામાં આવશે. આ ઉપરાંત, હવે કેન્દ્ર સરકાર વક્ફના હિસાબોનું પણ CAG દ્વારા ઓડિટ કરાવી શકે છે. આ જોગવાઈઓ વિરુદ્ધ સુપ્રીમ કોર્ટમાં ઘણી અરજીઓ દાખલ કરવામાં આવી છે. હવે આ નવા ફેરફારોને સુપ્રીમ કોર્ટની ચકાસણીમાંથી પસાર થવું પડશે.

**વક્ફની મિલકત વિશે મિડિયામાં ઘણા દાવા કરવામાં આવી રહ્યા હતા, જેમ કે વક્ફ પાસે રેલવે અને સેના કરતાં પણ વધુ જમીન છે. આવા દાવાઓની સચ્ચાઈ તપાસવી જરૂરી છે**




















